Adda247 GET IT ON Google Play

Civil Services (Main) Examination, 2024

PHKM-C-GJT

# ગુજરાતી / GUJARATI

( ફરજિયાત ) / ( Compulsory )

| સમય મર્યાદા : **ત્રણ કલાક**<br>Time Allowed : **Three** Hours | મહત્તમ ગુણ : **300**<br>Maximum Marks : **300** |
|---|---|

## પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા રહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

*બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.*

*પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*પ્રશ્નના ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** આપવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.*

*પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

Adda247

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer (QCA) Booklet must be clearly struck off.*

Adda247

Test Prime

ALL EXAMS, ONE SUBSCRIPTION

1,00,000+
Mock Tests

Personalised
Report Card

Unlimited
Re-Attempt

600+
Exam Covered

25,000+ Previous
Year Papers

500%
Refund

ATTEMPT FREE MOCK NOW

Adda247 GET IT ON Google Play

**Q1. નીચેનામાંથી કોઇ *એક* વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** *100*

(a) લોકશાહી (પ્રજાતંત્ર) અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

(b) શું ટૂંક સમયમાં જ ભારત પર પીવાના પાણીનું સંકટ તોળાશે (આવશે) ?

(c) આદિવાસી સંસ્કૃતિનું સંરક્ષણ (જતન) : તેના પ્રયાસો અને તેની શકયતાઓ

(d) ખાલી ચણો વાગે ઘણો

**Q2. નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ, સાચા અને સંક્ષિપ્ત ઉત્તર તમારી ભાષામાં લખો :** *12×5=60*

વિવેચનને (સમીક્ષા) સાહિત્યનાં એક અંગ (ભાગ) તરીકે સ્વીકારાયું છે. જો કે તે સાહિત્યને પોતાની સીમામાં રાખવાનો પ્રયત્ન કરે છે. પણ જો સાહિત્યમાં જ્યારે કંઈક એવું ભળી જાય અને તેના રસપ્રવાહ, આસ્વાદમાં બાધક બને તો સાહિત્યમાં ક્ષતિ, કચાશ ઉદ્ભવે, એવી જ રીતે જેમ સંગીતમાં કોઇ વિપરીત, બેરાગ ધ્વનિ, કર્કશતા ઊભી કરે તેમ.

આપણા યથાર્થ, અદ્દલ ભાવો, લાગણીઓની અભિવ્યક્તિ હંમેશા આનંદમય, પ્રસન્નકર હોય પણ આપણા અવાસ્તવિક પોકળ ભાવો પીડા ઉપજાવનારાં, વેદનાગ્રસિત હોય છે. શકય છે કે કોઇને કોઈની હિંસા કરવી, કોઈનું ધન ઝૂંટવી લેવું, સ્વાર્થખાતર ડરાવવું આવા મિથ્યા, પોકળ ભાવોમાં પણ નિર્વ્યાજ આનંદ આવગે હોય પણ આ કોઈ સ્વાભાવિક, સામાન્ય મનોવૃત્તિ કે વલણ નથી. એક ચોરને અંધકાર પ્રકાશ કરતાં વધુજ પ્રિય હોય તો પણ તેનાથી પ્રકાશનું આધિક્ય (શ્રેષ્ઠતા) જરા પણ ઓછું થતું નથી.

જે ભાવ અને લાગણી આપણને એક બીજા સાથે જોડે છે તે જ યથાર્થ ભાવ છે. જેમ પ્રેમ આપણને સૌની સાથે જોડે છે અને અહંકાર કે દ્વેષ તોડે છે, અલગ કરે છે. વધુ અહંકાર કે દ્વેષ આપણને અન્ય સાથે જોડી શકતો નથી. માટે પ્રેમ જ અદ્દલ, અસલ, યથાર્થ ભાવ છે અને અહંકાર પોકળ અને અવાસ્તવિક ભાવ છે.

ભક્તિની અભિવ્યક્તિ માટે જેમ મૂર્ત (પ્રત્યક્ષ) પદાર્થની આવશ્યકતા છે. તેવું જ કરુણા અને દયાનું પણ છે તો ધૈર્ય અને સાહસનું પણ કંઈક આવું જ છે. એટલે એટલું સમજાય છે કે આપણી લાગણી કે ભાવોને જાગ્રત કરવા બાહ્ય (ગૌણ) પદાર્થ સાથેનું જોડાણ જરૂરી છે. જો આપણને બાહ્ય પદાર્થની નહિવત્ અસર થાય જેમ કે. અન્યના પુત્રશોકમાં આપણે સહભાગી થઈ શકતા નથી, જો આપણે પ્રફુલ્લિત વાતાવરણમાં

Adda247 GET IT ON Google Play

પ્રસન્નકર રહી શકતાં નથી તો એમ સમજવું કે આપણે સૌથી 'પર' નિર્વાણ (શૂન્ય) પદ પર પહોંચી ગયા છીએ. આવી ભાવ-પરિસ્થિતીથી સાહિત્ય 'પર' છે. સાહિત્યકાર તો એ જ 'ખરો' (સાચો) જે અન્યના દુઃખે દુઃખી અને અન્યના સુખે સુખી. જે અન્ય માટે સુખ અને દુઃખ બંને ઉપજાવવા સમર્થ હોય એવી જ રીતે એક કલાધર (કલાકાર) પણ અન્યના સુખદુઃખ પ્રગટ કરવા સક્ષમ હોવો જોઈએ. પરંતુ જુદા-જુદા સમય-સંજોગો અને પરિસ્થિતિને આધીન માનવીને જુદી જુદી દિશા, દશા અને અવસ્થામાં મૂકી દે છે. મનુષ્યમાં ભાવ સાર્વત્રિક છે. પરંતુ પ્રત્યેક મનુષ્યના સમય-સંજોગો, પરિસ્થિતિ ભિન્ન-ભિન્ન હોવાને કારણે પ્રત્યેકની પ્રતિક્રિયા પણ ભિન્ન અને અસર પણ જુદી હોય છે. જયારે કૃષક (ખેડુત) સાથે રહેવાનો અવસર મળે તો જાણીએ છીએ કે એના સુખ-દુઃખ આપણાં જ છે, આપણી જેવાં જ છે. એવી અનુભૂતિ થાય. પ્રભાવિત થવાનું કારણ તેની કામ પ્રત્યેની ગંભીરતા, શ્રમ, વિવેકના ભાવથી પ્રભાવિત થઇએ છીએ, અને તેની પરિસ્થિતિ તેના સમય-સંજોગો પણ સમજી શકીએ છીએ. જો કોઇ ચોક્કસ વ્યક્તિ પોતાની માન્યતાઓ સાથે ખેડૂતો, મજૂરો માટે આંદોલન કરે, પ્રચાર કરે તો એ અયોગ્ય છે. જો આ કદાચ સ્વવિજ્ઞપ્તિ (જાહેરાત), આત્મશ્લાઘાના ચોક્કસ હેતુસર ન હોય તો પણ તેમાં એક વિશેષ આનંદ-ઉત્સુકતા તો હોય જ. જો કે સાહિત્યને આવા કશાયમાં વિશેષ રસ હોતો નથી. તો પછી ચોક્કસ પ્રશ્ન થાય કે સાહિત્ય અને પ્રચારમાં અંતર કેટલું ? શું ભેદ હશે ? સાહિત્ય તો એક ઠંડા પવનની લ્હેરખી જેવું છે. જે આનંદિત કરે, પ્રેરણા પણ આપે, જ્ઞાન આપે અને શાંત પણ કરે. જયારે પ્રચાર, પ્રચારનો ઉત્પાત તેનું વાવાદળ મહેલ હોય કે ઝૂંપડી, ખીલેલાં ઝાડ-પાન સૌને ખળભળાવી મૂકે છે. હલાવી નાખે છે. આવો નિર્હેતુક, નીરસ પ્રચાર કોઈ પણ પ્રકારનો આનંદ આપવા સમર્થ નથી. હા પણ એ પણ એટલું જ સાચું છે કે કોઇ સારો, ખરો, શાણો કે ચતુર સાહિત્યકાર કે કલાધર હશે અને જો પોતાની રસપૂર્ણ, સૌષ્ઠવયુક્ત અભિવ્યક્તિથી સૌને વિદિત કરશે, તો પ્રચાર સાહિત્ય કે કલાનું ઉપાદાન ન બનતાં એ સદ્ (યથાર્થ-અસલ) સાહિત્યનો ભાગ, અંગ બની જશે.

(a) વિવેચન (સમીક્ષા) સાહિત્યનું અંગ શા માટે ગણાયું છે ? 12

(b) યથાર્થ (અદ્દલ) અને અવાસ્તવિક (પોકળ) ભાવનો આશય શું છે ? 12

(c) કઇ વૃત્તિ મનની સ્વાભાવિક વૃત્તિ નથી ? 12

(d) ખરાં (સાચા) સાહિત્યકારના લક્ષણો કયા ? 12

(e) સાહિત્ય અને પ્રચારમાં અંતર (ભેદ) કેટલું ? 12

Adda247 GET IT ON Google Play

**Q3. નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ લગભગ એક-તૃતીયાંશ શબ્દોમાં, તમારા શબ્દોમાં કરો. શીર્ષક આપવાની જરૂર નથી.** *60*

એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે ઈર્ષ્યા હંમેશા ચોક્કસ વ્યકિતથી, વ્યક્તિ માટે થતી હોય છે. ઈર્ષ્યા થવાના, ન થવાના અનેક કારણો હોય શકે. ઈર્ષ્યા તો આપણી ધારણા, માન્યતા કે માનવામાં છે. સામાન્ય રીતે આપણી ધારણા પ્રમાણે એવું માની લઈએ છીએ કે જેની પાસે કે જેનો સમાજમાં માન-મોભો, ઐશ્વર્ય, સંપત્તિ, ગુણથી સમૃધ્ધ હોય તો ઈર્ષ્યા તેની જ થાય પણ, એવું બિલકુલ જરૂરી નથી. ઘણીવાર આપણે તો એવું પણ ધારી લઈએ છીએ કે કોઈ અજાણ્યું (અન્ય), અન્ય સાથે આપણી તુલના કરે અથવા કોઈ ચોક્કસ વ્યક્તિ સાથે જ કરે, કયારેક તેની વિરુધ્ધ પણ કરી નાખે, વિરુધ્ધમાં ઊભા પલ કરી દેછે અને જે આપણાંથી દૂર છે, અથવા આપણી સાથે અસંબધ્ધ કે અલિપ્ત છે ત્યાં ઈર્ષ્યાનું પ્રમાણ નહિવત્ હોય છે. જેમ કે કાશીમાં રહેનાર ધનિકને યુરોપમાં સ્થાયી ધનિકની ચર્ચાથી કંઈ જ ફરક પડતો નથી. કે પછી હિન્દીભાષી કવિ સામે અંગ્રેજીભાષી કવિનું મહત્વ ચર્ચાતું હોય, નોંધ લેવાની હોય ત્યારે પણ ત્યાં ઈર્ષ્યાને કોઇ જ સ્થાન નથી. હા, સંબંધીઓ, બાળમિત્રો, સહઅભ્યાસુ કે પછી આડોશી-પાડોશીઓમાં ઈર્ષ્યા-દ્વેષની શકયતા કદાચ વધુ હોય. જેમ કોઈ બાળપણના લંગોટિયા બે મિત્રો ઉઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, હસ્તાં-રમતાં, ભણતાં સાથે ઉછેર થયો હોય પણ જયારે એકની પ્રગતિની વાત આવે ત્યારે બીજો આડો હાથ દઈ, તેની સફળતા માટેના છુપા કારણોને જાણી ભલે ને પછી એ ખાસ મિત્ર લાંબા સમયથી તેની પાછળ હોય છતાં તે માટે અવરોધો ઊભા કરી તેને અટકાવવાંના રોકવાના, તેના પદને હડપવા, પામવાના અથાગ પ્રયત્નો કરશે. એ પણ એટલું જ સાચું છે કે જયારે આપણે સૌ એકબીજા સાથે લાંબા સમયથી સંપર્કમાં હોઈએ, એક સાથે જ એકબીજા માટે ઊભા હોઈ એ ત્યારે જેમ અન્યોઅન્ય સહાનુભૂતિ, આત્મીયતા, સહાયતાની ભાવના હોય છે તેમ ઈર્ષ્યા, મતભેદ વિખવાદની શકયતાઓને પણ નકારી ન શકાય. આપણે સંભવિત રીતે એકલા સહજતા, ભલમનસાઈ કે સારાઈની અપેક્ષાએ ઝઝૂમવું ઘણું કપરું છે.

હવે એ વાત સમજાણી કે ઈર્ષ્યા સમાજની ધારણા, માન્યતાઓથી પ્રભાવિત કરવાની જરૂરિયાતોમાંથી ઊભી થઈ છે. આ સંસારમાં ઈર્ષ્યા કરનાર, ઈર્ષ્યા જેની કરવામાં આવે છે તે ઉપરાંત માન્યતાઓ, ધારણાઓ, શકયતાઓ, અપેક્ષાની સંભવિત સ્થિતિ પર વિચાર કરનાર સમાજ પણ એટલો જ મહત્વનો છે. આપણી સમૃધ્ધિ, સદ્‌ગુણ, ઉચ્ચ આદરભાવના, આનંદથી સમાજની ધ્યાન બહાર હોય એ શકય નથી એ અંગત કે

Adda247 GET IT ON Google Play

ખાનગીમાં ભોગવી શકતા નથી. તો એમ પણ બને કે આપણે ખરેખર સ્વસ્થતા, સમૃધ્ધિમાં કોઈ અન્ય કે ચોક્કસ વ્યક્તિથી ચઢિયાતા કે તૂલ્ય ન પણ હોઈએ પરંતુ સમાજની કથિત દૃષ્ટિએ આપણને શ્રેષ્ઠ કે સમાનો દરજ્જો મળે ત્યારે ચોક્કસ સંતુષ્ઠ થઈએ છીએ અને ઈર્ષ્યાની તીવ્ર પીડામાંથી પણ મુક્ત (અલિપ્ત) થઈ શકીએ છીએ પરંતુ કેવું વિચિત્ર છે કે, કંઈક પ્રાપ્ત કરવામાં વંચિત હોવા છતાં આપણે ફકત સામાજિક દૃષ્ટિએ જ સંતોષ મેળવી એ છીએ. ઈર્ષ્યા રૂપી વિષનો જન્મ અવાસ્તવિક સામાજિક દેખાદેખી, દેખાડો અને તુલનામાંથી થયો. જેને આપણે વાસ્તવિક રીતે ન જોતાં કોઈની સફળતા, કોઈની સારપ, કોઈની સમૃધ્ધિથી કારણ વગર જ વ્યર્થ આ વિષની પીડાથી દુઃખી થતાં હોઈએ છીએ.

પ્રત્યેક સમૂહમાં, પ્રત્યેક ઠેકાણે જુદાં જુદાં અનેક વર્ગ, સમૂહ કાર્યરત હોય છે. જેમ કે ન્યાયાધીશ પોતાના ક્ષેત્રમાં ન્યાય કરવાનું કાર્ય કરે છે તો કારીગર (મજૂર) એક ઇંટ સાથે બીજી ઇંટને જોડવાનું કાર્ય કરે છે, સૌ પોત પોતાની રીતે સમાજ કલ્યાણનું કાર્ય કરે છે પરંતુ જો ન્યાયાધીશ પોતાના વ્યવહારમાં કારીગરને તેનાથી નીચો કે નાનો માને અને કહે કે 'તું નીચો છે' તો આવો વ્યવ્હાર તેના પ્રતિ ઉચિત નથી. આવાં અનેક સમૂહ, વર્ગ, જાતિ વચ્ચે આવા ભેદભાવને કારણે ઈર્ષ્યા સ્થાપિત થાયછે જેના કારણે વર્ગ-સમૂહની શક્તિનો વિકાસ રૂંધાઈ જાય છે. માટે પ્રત્યેક સંઘ, સમૂહમાં આવા ભેદભાવ અટકે ને સૌના અભિન્નપણું (જુદાં પણાં) નો સ્વીકાર થાય તો ઘણો ખરો અસંતોષ દૂર થશે. તે પણ એટલું જ સાચું છે કે ભવિષ્યની અનિશ્ચિતતા અસ્થિર, અડગ અને અજેય છે. તેમાં ઘણો વિરોધાભાસ પણ છે. પણ જે રીતેઆ ભેદભાવ સમૂહમાં, જીવન વ્યવ્હારોમાં વકરતો ફેલાતો જોવા મળે છે તેના કારણે સમૂહની શક્તિ કેવળ વિશેષ સ્થાને, ઠેકાણે જ પ્રવૃત્ત થઈ એકઠી થશે તો સમાજનાં કાર્યોમાં વિષમતા સ્થાન લેશે.

*(595 શબ્દો)*

**Q4. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો :** *20*

ભારતમાં આજે ગૃહઉદ્યોગ કે લઘુઉદ્યોગની ચર્ચા એ વેગ પકડયો છે. તેની ચર્ચા ચોતરફ થઈ રહી છે. જેના મૂળમાં નાના-નાના ગૃહકાર્યપ્રધાન ઉદ્યોગ-ધંધાની પરિકલ્પના છે. કોઈ પણ સામાન્ય વ્યક્તિ એક નાનકડા સ્થળ-સ્થાન સાથે પોતાની થોડી પૂંજી લગાવી, પોતાના શ્રમથી પોતાનો નાનકડો ઉદ્યોગ શરૂ કરી પોતાના જીવનની બેકારીથી લડી સામાન્ય સ્તર પર જ પોતાનું પેટયું રળવા અર્થે આવકારદાયક છે. ભારત જેવા દેશમાં,

Adda247 GET IT ON Google Play

આવા પ્રકારના લઘુ ઉદ્યોગ-ધંધા હિતકર છે. સ્વતંત્રતા-સંગ્રામના જ દિવસોમાં મહાત્મા-ગાંધીને આ વાત ધ્યાનમાં આવી. એ પછી એમણે સ્વતંત્ર ભારતમાં આ પ્રકારના એકમો સ્થાપિત કરવા, પરંપરાગત ઉદ્યોગ-ધંધાના નવીનીકરણ (નૂતનીકરણ) કરવાની પ્રેરણા આપી હતી. પરંતુ સ્વતંત્રતા પછી એ તરફ કોઈએ વિચાર કર્યો નહિ કે, એ તરફ કોઈનું ધ્યાન ન ગયું. બહોળાપ્રમાણમાં મોટા-મોટા ઉદ્યોગો શરૂ થયાં, પરંતુ એ માત્ર સમર્થ, સમૃધ્ધ લોકોની અંગત સંપતિ અર્થે ઉછર્યાં. વધતી જનસંખ્યા, શિક્ષણનો પ્રચાર, જાગૃતિ, અધિકારની માંગ, ઓળખ, બેકારોની નિરંતર વધતી જતી લાંબી હરોળો આ સર્વેએ જાગૃત ચિંતકોને જ નહિ ઈશ્વરને પણ જાણે લાચાર બનાવી દીધો. અંતે મોડે મોડે પણ દેશના આ પ્રકારના વધતાં (ઉત્તરોત્તર) જતાં પ્રશ્નોનો નિકાલ લાવવા જયારે ગાંધીવાદી સૂત્રોને અપનાવ્યાં અને પરિણામસ્વરૂપ આજે દેશમાં ગૃહકાર્યપ્રધાન (ગૃહઉદ્યોગ/લઘુઉદ્યોગ) – ધંધાનું જાળું ફેલાવા લાગ્યું અને આમ અનેક પ્રશ્નોનો નિકાલ (હલ) આવ્યો.

**Q5. નિમ્નલિખિત ગદ્યાંશનો ગુજરાતીમાં અનુવાદ કરો :** *20*

In our democratic system, the press has a vital role. While there has been large-scale expansion of the print and visual media in recent years, a focused approach to dealing with major societal and political issues has still to evolve. There is, as yet, excessive and exaggerated coverage of exposures and scandals and far too little well-informed comment or analysis of the various deep-rooted factors which generate the continuing malaise. The media could make an extremely useful contribution by devoting adequate coverage to tasks well done, highlighting the achievements of honest and efficient public servants and organizations, according special attention to developments in the remote and backward areas of our country. Our media is free and unfettered. It should be able to expose cases and incidents involving irregular and unlawful exercise of authority and abuses of all kinds. The existing ills in our socio-political environment will, on present reckoning, take considerable time to remedy. The Department of Personnel and Administrative Reforms should focus on establishing institutions responsible for all personnel matters — appointments, postings, transfers etc. — without any external interference. Also, there is a need for adoption of a robust code of ethics to be followed by those involved in public functioning.

Adda247 GET IT ON Google Play

**Q6. (a) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો.** *2×5=10*

(i) વલખાં મારવાં *2*

(ii) મન ખાટું થવું *2*

(iii) ખુશામતનું ખોળિયું *2*

(iv) ખાંડણિયામાં માથું મૂકવું *2*

(v) કુલડીમાં ગોળ ભાંગવો *2*

**(b) શબ્દસમૂહ માટે એક શબ્દપ્રયોજો.** *1×5=5*

(i) સ્ત્રીઓ પ્રત્યેની માનવૃત્તિ *1*

(ii) વળતો અવાજ *1*

(iii) રાત્રે ભટકનાર *1*

(iv) ભાવિનો વિચાર પહેલેથી જ કરી શકે તે *1*

(v) પોતે જ પોતાના વખાણ કરવાં તે *1*

**(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો.** *1×5=5*

(i) આહ્લાદ *1*

(ii) ગૌણ *1*

(iii) બહુમતી *1*

(iv) વ્યર્થ *1*

(v) પ્રત્યક્ષ *1*

**(d) નીચેના શબ્દોની જોડણી સુધારો.** *1×5=5*

(i) ઊપાર્જીત *1*

(ii) કદાચિતત *1*

(iii) કવિયત્રી *1*

(iv) છિકણી *1*

(v) ઝીદાદીલિ *1*

Adda247

Adda247 GET IT ON Google Play

**(e) નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો.** *1×5=5*

(i) પરિધાન *1*

(ii) પંથી *1*

(iii) ભુજંગ *1*

(iv) હસ્ત *1*

(v) અદ્યતન *1*

**(f) નીચેની કહેવતોનો અર્થ આપો.** *2×5=10*

(i) ચકલી નાની ને ફૈડકો મોટો *2*

(ii) તંતનો અંત નહિ *2*

(iii) જેવી મતિ એવી ગતિ *2*

(iv) મન હોય તો માળવે જવાય *2*

(v) ગામના મોઢે ગળણું ન બંધાય *2*

Adda247